સામેરી-પછી સતસંગમાં શિરોમણી, વાસી ગઢડા ગામના ।
અતિ ત્યાગી તપસી તને, વાલા સુંદર શ્યામના ॥૧॥
તે પ્રીત્યેશું લાગ્યા પૂછવા, નાથજી તમે સાંભળો ।
લીળા કરી વળી ગુજરદેશે, પવિત્ર કર્યો સઘળો ॥૨॥
હવે હરિ દયા કરી, કરો ઉત્સવ આંહિ તમે ।
સતસંગી ને સંતનાં તો, દરશન કરીએ અમે ॥૩॥
આપો અમને આગન્યા, કરીએ સામાન રસોઈનો ।
નોતરું દિવસ વિશનું, તેમાં ભાગ ન કરવો કોઈનો ॥૪॥
વળતાં વાલમ બોલિયા, ઘણો દાખડો પડશે વળી ।
માનો અમારી આગન્યા, કરો સામાન બેન બેઉ મળી ॥૫॥
પછી માની મહારાજની આગન્યા, ઘણા મિસરી ઘૃત મંગાવિયાં ।
પડસુદિના પાક કરાવ્યા, ભોજન મન ભાવિયાં ॥૬॥
પછી મેલી મુનિને કંકોતરી, સતસંગીને તેડાવિયા ।

સંત શ્રવણે સાંભળી, વળી તરત તિયાં આવિયા ॥૭॥
આવી પાય લાગ્યા પ્રભુને, નિરખિયા નયણાં ભરી ।
પછી સર્વે સંતને વળી, હેતેશું મળ્યા હરિ ॥૮॥
અતિ હેત સમેતશું, પછી સંતને બોલાવિયા ।
હસિહસિને બોલે હરિ, કહે નાથ ભલે આવિયા ॥૯॥
પછી કરી રસોઈ ચાલતી, મનમાન્યા મોદક મોતીયા ।
જલેદાર જલેબીયો, બીજા પાક નવ જાય કહ્યા ॥૧૦॥
બેસે પરમહંસ પંગતિ, વળી પીરસે પોતે હરિ ।
જમે જન જીવન પોત્યે, જમાડે જોરે કરી ॥૧૧॥
માથે હાથ મુકી આપે, મોદક મનગમતા ।
દિયે જલેબી જનને, વળી સુખમાંહિ જમતા ॥૧૨॥
સુંદર શાક સોયામણાં, વૃંતાક ને વડીતણાં ।
રૂડી કડી વળી રાયતાં, પંગત્યમાં પીરસે ઘણાં ॥૧૩॥
કળી કાજુ ગાંઠિયા, ફરસાણ્ય ફેરે ફુલવડી ।
ભર્યાં હવેજે ભજીયાં, વળી ફેરવે વડાંવડી ॥૧૪॥
ઉજ્જવળ પાપડ અળદના, વળી આદાં કેરીનાં અથાણાં ।
ભોજન વ્યંજન ભાવે ભરી, આપે અલબેલો ઘણાં ॥૧૫॥
દુધ દહીં દોવટે, વળી પીરસે પંગત્યમાં ।
વારમવાર મનુવાર કરે, આવી હરિ આરત્યમાં ॥૧૬॥
એક એકથી અધિક અધિક, થાય રસોયું નવી નિત્યે ।
તેમતેમ જન જમાડનાર, રાજી થાય રૂડી રીત્યે ॥૧૭॥
એમ દિવસ વિશ સુધી, જમાડિયા નિજજનને ।
સંતને અતિ સુખ આપ્યું, દઈ હરિ દર્શનને ॥૧૮॥
નિત્યે નિત્યે નવી વારતા, વળી કરે હરિ કૃપા કરી ।
જન સહુ મગન થાય, સુંદર વાણ્યે બોલે હરિ ॥૧૯॥
મેડે રૂડે રસિયો વળી, બેસે નિત્યે પોતે જઈ ।
નરનારી હરિજનને, મગન કરે દર્શન દઈ ॥૨૦॥

સુંદર વસ્ત્ર પહેરી સારાં, સોનેરી શોભે ઘણાં ।
શાલ દુશાલ પાઘ જામા, રૂડા કસુંબી રંગતણા ॥૨૧॥
હાર અપાર ફુલના, વળી લાવે હરિજન હેતશું ।
અલબેલાની કોટમાં, પહેરાવે બહુ પ્રીત્યશું ॥૨૨॥
વળી ઉભા થઈ હરિ આરતી, કરે કરતાળી દઈ ।
લટકાં જોઈ લાલનાં, લખી જન રાખે લઈ ॥૨૩॥
એમ સુખ આપતાં, વળી દિવસ વીસા વહિગયા ।
દર્શન કરી દયાળનાં, સંત સહુ સુખિયા થયા ॥૨૪॥
એમ કરતાં આવિયો, વળી ઉત્સવ ફુલદોલનો ।
રસિયાને રમવા વળી, આણ્યો રંગ અતોલનો ॥૨૫॥
સખાસંગે શ્યામળો, રમવા રૂડી રીત્યશું ।
જણજણ પ્રત્યે જુજવી, પિચકારી કરાવી પ્રીત્યશું ॥૨૬॥
પછી સુંદર રંગ મંગાવિયો, અલબેલો ઉભા ઓરડે ।
સખા ઉપર શ્યામળો, રેડે રંગ રૂડે ઘડે ॥૨૭॥
પડે બહુ પિચકારીયો વળી, ઉડે ગુલાલ અતિ ઘણો ।
ચડી ગરદી ગગનમાં, ખેલ મચ્યો મુનિ મહારાજતણો ॥૨૮॥
રંગે રંગાણા રસિયો, તેણે ઓપે છે અતિ અંગે ।
સખા શુદ્ધ ભૂલી ગયા, રમતાં વળી રસિયા સંગે ॥૨૯॥
વાજાં વાજે અતિઘણાં, આવ્યા અમર જોવા આનંદશું ।
જયજય શબ્દે જન બોલે, શ્યામ ખેલે સખા વૃંદશું ॥૩૦॥
સુંદર રંગે અરુણ ઓપે, વદન વાલ્યમતણું ।
જાણું કમળ ઉપર્યે, ભ્રકુટિભૃંગ શોભ્યા ઘણું ॥૩૧॥
એમ ઓપે અલબેલડો, રસબસમાં રસિયો ।
છેલછબિલો રંગનો રેલો, જનતણે મન વસિયો ॥૩૨॥
રમે રંગે સખા સંગે, અંગે આનંદ અતિઘણો ।
તે સમાની શોભા મુખથી, કેટલિક કવિ ભણે ॥૩૩॥
પછી રખાવી રમત્યને, વાલો નાવા ચાલ્યા નદીયે ।

એવી લીળા જોઈને, કંગાલ ન મનાય કેદિયે ॥૩૪॥
જેનું નામ લેતાં નિર્દોષ થાય, અને દર્શને દુષ્કૃત્ય ટળે ।
પાપ પૂરવનાં થાય પ્રલય, જેની કીરતિ સાંભળે ॥૩૫॥
તેની લીળા જોઈ જેણે, ભાગ્ય તેનાં હું શું ભણું ।
ત્રિલોકમાં નહિ તુલ્ય તેને, વળી કહીએ શું શું ઘણું ॥૩૬॥
એવા જન જીવન વળી, નાહ્યા વળી નીરમાં ।
સખા સંગે શ્યામળો, શોભે ઘણું શરીરમાં ॥૩૭॥
પછી નાહિ પધારીયા, અલબેલો આવ્યા આસને ।
સુંદર રસોઈ કરી સારી, ભરી રાખીતિ વાસણે ॥૩૮॥
જીવન જન જુગત્યે જમ્યા, અને રમ્યા રંગે હોળી હરિ ।
ધન્ય ધન્ય ગામ ગઢડું, જ્યાં લાડીલે લીળા કરી ॥૩૯॥
એમ લીળા લાલે કરી, ફાગણશુદી પુન્યમ દને ।
તેદિ ઉત્સવ કરાવિયો, જયા લલિતા ઉત્તમ જને ॥૪૦॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે શ્રીહરિચરિત્રે રંગે રમ્યા એ નામે એંસિમું પ્રકરણમ્ ॥૮૦॥